ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને
નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ ચુકવણી બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: વનપ-૧૦૨૦૧૮-૨૪૨૪૮૧-છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧.૦૬.૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) મજૂર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:-બીએમએ-૧૦૭૮-૨૦૧૬૮-છ તા:-૧૩/૦૪/૧૯૭૮.

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા:-૨૫.૦૯.૧૯૯૫નો ઠરાવ ક્રમાંક:વીએનપી/ ૧૦૯૫/આઈ-૭૭/છ.૧

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ નો તા:-૧૦.૦૮.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૬/૧૯૮૭/છ.

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા:-૧૩.૦૪.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:- અપ/૧૦૨૦૧૧/૨૨૫/વસુતાપ્ર.

(૫) મહેસૂલ વિભાગનો તા.૧૩.૦૪.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક: પફર/૧૦૨૦૧૧/૨૭૫/લ.૧ .

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ નો તા:-૨૭.૦૪.૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૧/૧૬૧/છ.૧ .

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ નો તા:-૩/૫/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૧/૧૬૧/છ.૧.

(૮) સા. ન્યાય અને અધિ. વિભાગના પત્ર ક્રમાંક:-પરચ/૧૦૨૦૧૪/૮૮૩૮૮૪/ચ તા :- ૦૮/૦૪/૨૦૧૬.

(૯) સા. ન્યાય અને અધિ. વિભાગના પત્ર ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૬/૨૨૧૩૮/છ-૧ તા :- 03/06/२०१६

(૧૦) નિયામક,સમાજ સુરક્ષા ખાતાનો તા.૦૩.૦૫.૨૦૧૮નો પત્ર ક્રમાંક સસુખા/નવપ/૧૮-૧૯/૨/૧૭૮૫

ઠરાવ :-

રાજ્ય સરકાર દ્વારા નિરાધાર વૃધ્ધ અને નિરાધાર અપંગને આર્થિક સહાય યોજના વંચાણે લીધેલ ક્રમાંક-૧ના ઠરાવથી અમલમાં છે. આ યોજનામાં લાભાર્થીઓને માસિક સહાય આપવામાં

આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક-૨ના ઠરાવથી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અમલમાં આવેલ છે.

રાજ્ય સરકારના 'આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો' કાર્યક્રમ અંતર્ગત ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન 'વયવંદના' (૨) નિરાધાર વૃધ્ધ અને નિરાધાર અપંગને આર્થિક સહાય યોજના (૩) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ પેન્શન સહાય મંજુર કરવાની તથા સહાય ચુકવણીની સત્તાઓ વંચાણ-૬માં દર્શાવેલ ઠરાવ મુજબ તાલુકા મામલતદારોને આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક-૮ પરના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા 'ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર' (DBT) યોજના હેઠળ લાભાર્થીઓના પેન્શનની સહાય તેમના બેંક એકાઉન્ટ/પોસ્ટ એકાઉન્ટમાં સીધી જમા કરવાનું નકકી કરેલ છે. જે અન્વયે ભારત સરકારશ્રીની ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન 'વયવંદના' યોજનાનાં લાભાર્થીઓને 'ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર' (DBT )હેઠળ આવરી લઈ રાજ્ય કક્ષાએથી નિયામક, સમાજ સુરક્ષા ખાતા દ્વારા ચુકવણી કરવાનું નકકી કરવામાં આવેલ છે.જે ધ્યાને લઈ વંચાણે લીધેલ ક્રમાંક-૬માં દર્શાવેલ ઠરાવની જોગવાઈઓમાં જરૂરી સુધારા કરવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષાના વંચાણે લીધેલ ક્રમાંક-૧૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત ધ્યાને લઇ વંચાણે લીધેલ ક્રમાંક-૬ પરના ઠરાવની જોગવાઇઓમાં આથી નીચે મુજબના 'સુધારા' કરવામાં આવે છે.

૧. ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન 'વયવંદના' યોજના હેઠળ પેન્શન સહાય મંજૂર કરવાની સત્તા તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની કચેરી પાસે યથાવત રાખવામાં આવે છે, અને આ યોજના હેઠળ લાભાર્થીઓને પેન્શન ચુકવણીની સત્તા નિયામક,સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગરને માહે સપ્ટેમ્બર-૨૦૧૬થી સોંપવામાં આવે છે, માહે સપ્ટેમ્બર-૨૦૧૬ પહેલાની જો કોઈ સહાય ચુકવવાની બાકી હશે તો તેવી બાકી ચુકવણી અંગેની કાર્યવાહી તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની કચેરી દ્વારા કરી શકાશે. તે માટે કલેકટરશ્રીની કચેરી મારફતે ગ્રાંટની માંગણી કરતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા ખાસ કિસ્સામાં ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૨. વંચાણે લીધેલ ક્રમ-૯ના પત્રથી નિરાધાર વૃધ્ધ અને નિરાધાર અપંગોને આર્થિક સહાય યોજના હેઠળ પેન્શન સહાય મંજૂર કરવાની સત્તા તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની કચેરી પાસે યથાવત રાખવામાં આવે છે, અને આ યોજના હેઠળ લાભાર્થીઓને પેન્શન ચૂકવણીની સત્તા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગરને માહે સપ્ટેમ્બર-૨૦૧૭થી સોંપવામાં આવે છે, માહે સપ્ટેમ્બર-૨૦૧૭ પહેલાની જો કોઈ સહાય ચૂકવવાની બાકી હશે તો તેવી બાકી ચુકવણી અંગેની કાર્યવાહી તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની કચેરી દ્વારા કરી શકાશે.તે માટે કલેકટરશ્રીની કચેરી મારફતે ગ્રાંટની માંગણી કરતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા ખાસ કિસ્સામાં ગ્રાન્ટ ફાળવામાં આવશે.

૩.આ યોજના હેઠળ National Social Assistance Programme Pension Processing System (NSAP-PPS) પર મંજૂર કરેલ લાભાર્થીઓને ડીજીટાઈઝ (ઓનલાઈન એન્ટ્રી) કરવા

માટે દરેક તાલુકા કક્ષાએ મામલતદારશ્રીને યુઝર આઈ.ડી અને પાસવર્ડની ફાળવણી કરેલ છે.તેમજ અપીલમાં ગયેલ લાભાર્થીની અપીલના નિકાલ માટે પ્રાંત અધિકારીશ્રીની કચેરીને યુઝર આઈ.ડી અને પાસવર્ડ ફાળવેલ છે. તેમજ જીલ્લા કક્ષાએ યોજનાઓનું સંપૂર્ણ રીતે મોનીટીરીંગ થાય તે માટે કલેકટરશ્રીઓને યુઝર આઈ.ડી અને પાસવર્ડ ફાળવેલ છે. મેન્યુઅલી મંજૂર કરેલ અરજી મંજૂર કર્યાના માસમાં National Social Assistance Programme Pension Processing System (NSAP-PPS) પોર્ટલ પર મામલતદારશ્રીના યુઝર આઈ.ડી.માંથી મંજૂર કરવાની રહેશે. મંજૂર કરતી વખતે લાભાર્થીનો આધાર નંબર,એકાઉન્ટ નંબર અને IFSC CODE, કેન્દ્રીય પુરસ્કૃત યોજનામાં બી.પી.એલ ક્રમાંક નંબર અને રાજ્ય સરકારની યોજનામાં આવકના પ્રમાણપત્રનો નંબર વેરીફાઇ કરીને એન્ટ્રી કરવાની રહેશે.મંજૂર કરનાર સત્તાધિકારીએ મંજૂર કરેલ લાભાર્થીઓનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. અને તેમાં ઓનલાઈન એન્ટ્રી કર્યાનો મંજૂરી નંબર(Sanction Number) નોંધવાનો રહેશે.સ

૪. ઉપરોકત ક્રમ નં.૧ અને ૨માં દર્શાવેલ ખાસ કિસ્સા સિવાય યોજનાકીય સહાય ચુકવણી માટે કલેકટરશ્રીની કચેરીઓને ગ્રાન્ટ ફાળવણી થશે નહી.આ ગ્રાંટ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના હવાલામાં રહેશે. જે તે યોજના હેઠળ પગાર ભથ્થા અને વહીવટી ખર્ચ માટેની ગ્રાન્ટ કલેકટરશ્રીઓને ફાળવવામાં આવશે. કલેકટરશ્રી મારફત તાલુકા મામલતદારશ્રીને ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૫. National Social Assistance Programme (NSAP )ની ગાઈડ લાઈન મુજબ મળેલ અરજીઓના નિકાલ વધુમાં વધુ -૬૦ દિવસમાં કરવાનો રહેશે. અને મંજૂર થયેલ પેન્શન અરજદારે અરજી કર્યાના માસથી મળવાપાત્ર રહેશે.

૬. National Social Assistance Programme Pension Processing System (NSAP-PPS) પેન્શન ચૂકવવા માટે લાભાર્થીનું પબ્લીક ફાઇનાન્સ મેનેજમેન્ટ Public Financial Management System ( PFMSમાં) રજીસ્ટ્રેશન થવુ જરૂરી છે. લાભાર્થીનાં રજીસ્ટ્રેશન માટે જે એરર હોય તેને દૂર કરી લાભાર્થી રજીસ્ટ્રર કરવા અંગેની કામગીરી, તેમજ ચૂકવણીની પ્રકિયા પછી જેમનું પેમેન્ટ ફેઇલ થયેલ હોય તે વિગતો અપડેટ કરવાની મંજૂર કરનાર સત્તાધિકારીએ કરાવવાની રહેશે.

૭. મંજૂર કરનાર કચેરીએ લાભાર્થીની ચૂકવણી અંગેની જરૂરી વિગતો પોર્ટલ પરથી મેળવી જરૂરી નોંધ રાખવાની રહેશે.

૮. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી દ્વારા દર માસે પોર્ટલ પર Public Financial Management System (PFMS) માં રજીસ્ટ્રેશન થયેલ એકિટવ લાભાર્થીને પેન્શન ચૂકવવાની કામગીરી કરવામાં આવશે. જેમાં એકટીવ લાભાર્થી એટલે કે મંજૂર કરનાર સત્તાધિકારીએ National Social Assistance Programme Pension Processing System (NSAP-PPS) મંજૂર (Sanction)અને PFMSમાં રજીસ્ટ્રેશન થયેલ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

સત્તાધિકારીની કચેરી દ્વારા મનીઓર્ડર અથવા કેશમાં લાભાર્થીની એન્ટ્રી કરેલ હોય અથવા પેન્શન ઈફેક્ટીવ તારીખ ખોટી એન્ટ્રી કરેલ હોય તેમજ લાભાર્થીની ઉંમર ૬૦થી ઓછીની એન્ટ્રી કરેલ હોય તેવા લાભાર્થીઓને પેન્શનની ચૂકવણી થઈ શકશે નહી.જેની જવાબદારી મંજૂર કરનાર સત્તાધિકારીની રહેશે.

૯. મંજૂર કરનાર અધિકારીની કચેરીના યુઝર આઈ.ડી.માંથી દર મહીને લાભાર્થીની વિગતો અપડેટ રાખવી નીચેના સંજોગોમાં આ પ્રકારનું પેન્શન બંધ કરવાનું જરૂરી જણાય તો પેન્શન મંજૂર કરનાર અધિકારી પેન્શન બંધ (Discontinue) કરવાનો નિર્ણય કરી શકશે.

(અ) સહાય મેળવતાં લાભાર્થીનું અવસાન થાય તો

(બ) લાભાર્થી એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં સ્થળાંતર કરે તો

(ક) બી.પી.એલ યાદીમાંથી નામ કમી થાય તો

(ડ) લાભાર્થીએ રજૂ કરેલ માહિતી ખોટી સાબિત થાય તો

૧૦. દર વર્ષે લાભાર્થીની હયાતીની ખરાઇ કરી પોર્ટલ પર દરેક લાભાર્થીને કન્ટીન્યુ કરવાની જવાબદારી મંજૂર કરનાર સત્તાધિકારીની રહેશે.

૧૧. લાભાર્થીઓને સહાયની રકમ કયાં એકાઉન્ટમાં જમા થઈ ? કેટલી થઈ ? અને કયાં માસ સુધીની સહાય મળેલ છે? તે વિગતો National Social Assistance Programme Pension Processing System (NSAP-PPS) પરથી મેળવીને મંજૂર કરનાર સત્તાધિકારીની કચેરી દ્વારા લાભાર્થીને માંગણી કર્યેથી પુરી પાડવાની રહેશે.

૧૨. દર મહિને મંજૂર કરનાર મામલતદારશ્રીની કચેરીએ આવેલ અરજીઓ પૈકી મંજૂર, નામંજૂર, પડતર અને મંજૂર કરેલ અરજીઓ National Social Assistance Programme Pension Processing System (NSAP-PPS)પોર્ટલ પર એન્ટ્રી કર્યાની વિગતો જીલ્લા કલેકટરશ્રીની કચેરી મારફત નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાને મોકલી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.),અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ,સા.ન્યા. અધિ.વિભાગ, વિભાગની વેબ સાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સિલેક્ટ ફાઈલ.